# નીલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડ

(CIN No: L45201GJ1990PLC013417)
રજી. ઓફિસ : પહેલો માળ, સમભાવ હાઉસ, ચીફ જજીસ બંગલો સામે,
બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫
ફોન નં. +૯૧-૭૯ ૪૦૦૩ ૬૮૧૭/૧૮, ફેક્સ નં. +૯૧-૭૯ ૩૦૧૨૬૩૭૧
ઈ-મેઈલ : secretarial@nilainfra.com વેબસાઈટ : www.nilainfra.com

## નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શનિવાર, તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના સરનામે પહેલા માળે, સમભાવ હાઉસ, ચીફ જજીસ બંગલાની સામે, બોડકદેવ, અમદાવાદ-૧૫ ખાતે યોજાશે, જેમાં એજીએમ માટેની નોટિસમાં દર્શાવ્યા અનુસારના કામકાજ હાથ ધરવામાં આવશે.

ઉપરાંત કંપની ધારાની કલમ ૯૧ અને કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમ, ૨૦૧૪ના નિયમ ૧૦ અને લિસ્ટિંગ એગ્રિમેન્ટની કલમ ૧૬ની જોગવાઈ મુજબ, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફરનું રજિસ્ટર તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ થી ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૪ (બંને તારીખ સહિત) સુધી ડિવિડન્ડના હક્કો નક્કી કરવા અને એજીએમના હેતુથી બંધ રહેશે.

કંપનીની એજીએમની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ તથા ઇ-વોટિંગની સૂચના તમામ શેરહોલ્ડરો કે જેમના ઈમેલ કંપનીના શેર રજિસ્ટ્રાર અથવા ડિપોઝિટરી પાસેથી મળેલ તેમને ઈમેલ દ્વારા અને બાકીના શેર હોલ્ડર્સને પ્રિન્ટેડ નકલ મોકલાવેલ છે.

કંપનીની એજીએમની નોટિસ અને ૨૪મો વાર્ષિક અહેવાલ (ઈવોટિંગની જરૂરી સૂચનાઓ સહિત) કંપનીની પોતાની વેબસાઈટ **www.nilainfra.com** અને NSDLની વેબસાઈટ **www.evoting.nsdl.com** ઉપર મુકેલ છે.

આ ઉપરાંત કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૧૦૮ સાથે રૂલ ૨૦, કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ની જોગવાઇ તેમજ લિસ્ટિંગ એગ્રિમેન્ટ હેઠળ કંપનીના સભાસદો કે જેમના નામ તા. ૮ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ રજિસ્ટર ઓફ મેમ્બર્સમાં નોંધાયેલ છે, તેમને નોટિસમાં દર્શાવેલા બધા મુદ્દાઓ પર ઇ-વોટિંગ કરવાની સુવિધા જે નેશનલ સિક્યુરિટી ડિપોઝીટરી લિમિટેડ દ્વારા આપવામાં આવી છે.

ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૪ (સવારે ૯-૦૦ વાગ્યાથી) અને સમાપ્ત થવાની તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૪ (સાંજે ૬.૦૦ વાગ્યા સુધી) રહેશે. તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજના ૬.૦૦ કલાક પછી ઇ-વોટિંગ કરી શકાશે નહીં.

ઈ-વોટિંગના હેતુથી સ્કુટીનાઈઝર તરીકે આર. એસ. શર્મા એન્ડ એસોસિયેટના શ્રી આર. એસ. શર્માની નિમણૂક કરવામાં આવી છે.

ઈ-વોટિંગ સહિત કોઈ પણ પ્રશ્ન કે સંદેહ બાબતે નેશનલ સિક્યુરિટી ડિપોઝીટરી લિમિટેડની વેબસાઇટ **www.nsdl.com** પર રહેલા ફ્રિકવન્ટલી આસ્ક ક્વેશ્ચન્સ (એફ.એ.ક્યુસ.) અને ઈ-વોટિંગ મેન્યુઅલ વાંચવા વિનંતી. ઈ-વોટિંગ સંબંધિત કોઈ પણ પ્રકારના સંદેહ બાબતે NSDLના મદદ વિભાગનો **e-mail ID: evoting@nsdl.co.in** અથવા ૦૨૨-૨૪૯૯૪૬૭૭ ઉપર સંપર્ક કરી શકાશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬.૮.૨૦૧૪

બોર્ડના આદેશથી
**નીલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમિટેડ**
કંપની સેક્રેટરી